અપીલ અરજી નં.૨૨૯ તા.૨૩–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૫–૧૧ની અરજીથી Rs. No.29,F.P.No.137/TPSNo.1(UDHANA-MAJURA) મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળ પર તૈયાર થયેલ શિવ આશિષ ઈન્ડ.કો.ઓ.સર્વિસ. ઓ.લી. ના લે–આઉટ પ્લાનમાં ચાર COP.બતાવવામાં આવેલા છે. આ ચાર COP. હાલમાં કઈ પોઝીશનમાં છે તેની વિગત આપશો વિ.મુદ્દા નં.(૧) થી (૩) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૩–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૨૯/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૭–૫–૧૧ની અરજીથી Rs. No.29,F.P.No.137/TPSNo .1 (UDHANA -MAJURA)મુદ્દાનં.(૧) ઉપરોકત સ્થળ પર તૈયાર થયેલ શિવ આશિષ ઈન્ડ.કો.ઓ.સર્વિસ. ઓ.લી. ના લે–આઉટ પ્લાનમાં ચાર COP.બતાવવામાં આવેલા છે. આ ચાર COP. હાલમાં કઈ પોઝીશનમાં છે તેની વિગત આપશો વિ.મુદ્દા નં.(૧) થી (૩) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૦ તા.૨૯–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને તેમની લગભગ દિન–૧૦ ની વિલંબિત અપીલ માટે આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલી મીહતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૩૬ તા.૧૪–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૭–૫–૧૧ ની અરજીથી શિવ આશિષ ઈન્ડ. કો.ઓ. સર્વીસ સોસા.લી.ના લે આઉટ પ્લાનના ચાર સીઓપીના બાંધકામ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૩૬ તા.૧૪–૭–૧૧ થી સમય અવધિ બાદ અરજદારને મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળેલ નથી તેવું જણાવી દિન–૧૦ થી તા.૨૩–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૧) Rs. No.29,F.P.No.137/TPSNo .1 (UDHANA -MAJURA) સ્થળ પર તૈયાર થયેલ શિવ આશિષ ઈન્ડ.કો.ઓ.સર્વિસ. ઓ.લી. ના લે–આઉટ પ્લાનમાં ચાર COP.બતાવવામાં આવેલા છે. આ ચાર COP. હાલમાં કઈ પોઝીશનમાં છે તેની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી નં.૧ એફ.પી. ૧૩૭ (ઉધના–મજુરા) શિવ આશીષ ઈન્ડ. સોસા.ના બે(૨) COP પૈકી એક (૧) COP થયેલ બાંધકામ યથાવત પરિસ્થિતિમાં છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) જો આ COP પર બાંધકામ થયેલ હોય તો તે બાંધકામની પરમીશન જે વિભાગ તરફથી આપી હોય તો તેની નકલો આપશો અને જો પરમીશન આપેલ ન હોય તો વિના પરમીશને COP ઉપર ઉભા થયેલ બાંધકામ બાબતે અત્યાર સુધીમાં તમારા વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિત વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી નં.૧ એફ.પી. ૧૩૭ (ઉધના–મજુરા) વાળી જગ્યાના ઉકત COP માં થયેલ બાંધકામને ઉધનાઝોન કક્ષાએથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. જે માટે કા.દ. નોટીસ ૨૧૭૭/૧ તા.૮–૭–૧૧ થી આપવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સદર સોસા.ના Rs. No.23/P OF FP.No.118 PO NO. 20 UNIT NO.54 TO 69 /TPSNo .1 (UDHANA -MAJURA) પર હાલમાં તૈયાર થતું બાંધકામ મંજુર પ્લાન મુજબનું છે કે કેમ? જો ના હોય તો તેના વિરુધ્ધ અત્યાર સુધીમાં તમારા વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિત વિગતવાર માહિતી આપશો. તથા આ બાંધકામ મંજુર પ્લાન મુજબ થાય છે કે કેમ? તે અંગેની ચકાસણી અત્યાર સુધીમાં તમારા વિભાગ ધ્વારા કયા કયા અધિકારી/કર્મચારી ધ્વારા કરવામાં આવી તથા તે ચકાસણી દરમ્યાન તૈયાર કરેલ અહેવાલની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શિવ આશિષ સોસા. ટીપી સ્કીમ નં.૧ (ઉધના–મજુરા) એફ.પી. ૧૧૮ યુનિટ નં.૫૪ થી ૬૯ માં ચાલતું બાંધકામ ઉધનાઝોન કક્ષાએથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી મુજબનું છે જે જાણશો. તેવું જણાવેલ છે. આમ અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં નહીં મળેલા પ્રતિભાવ અંગે વિલંબથી અપીલ કરવામાં આવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સમય અવધિ બાદ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી

કરવાની રહેતી નથી. અરજદારે પણ વિલંબિત અપીલ માટે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી. તે જોતાં કલમ–૧૯(૧) હેઠળ અપીલ પ્રથમદર્શી ગ્રાહય રાખવાપાત્ર થાય નહીં તેમ છતાં કાયદાની ભાવના અને હાર્દને અનુલક્ષી ગ્રાહય રાખવામાં આવેલ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭–૫–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), .....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશ કે. જાંગીડ